**સન ૨૦૨૩-નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧.**

# ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક, ૨૦૨૩.

## અનુક્રમણિકા


| કલમો | વિગત |
|---|---|
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| ૩. | (ગેરરીતિ) કરવા અથવા આચરવાને અટકાવવા બાબત. |
| ૪. | પરીક્ષાર્થીએ મેળવેલી અનધિકૃત મદદ બાબત. |
| ૫. | પ્રશ્નપત્રનો અનધિકૃત કબજો લેવા અને (તે) જાહેર કરવા બાબત. |
| ૬. | પ્રશ્નપત્ર અને ઉત્તરવહી અથવા ઓએમઆર (OMR) શીટનો કોઇ પણ સ્વરૂપે અનધિકૃત કબજો લેવા અથવા (તે) જાહેર કરવા બાબત. |
| ૭. | પરીક્ષા કાર્ય સોંપવામાં આવ્યું હોય અથવા તેમાં સંકળાયેલી હોય તેવી કોઇ વ્યક્તિ દ્વારા પ્રશ્નપત્ર ફૂટી જતું અટકાવવા બાબત. |
| ૮. | પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ પર પ્રતિબંધ બાબત. |
| ૯. | જાહેર પરીક્ષા માટે, પરીક્ષા કેન્દ્ર સિવાયના કોઇ સ્થળનો ઉપયોગ નહિ કરવા બાબત. |
| ૧૦. | વ્યવસ્થાપક મંડળ, સંસ્થા અથવા અન્ય દ્વારા કરવામાં આવતા ગુના બાબત. |
| ૧૧. | મદદ કરવા પર મનાઈ બાબત. |
| ૧૨. | ગુનો અને શિક્ષા. |
| ૧૩. | દોષિત ઠર્યેથી બાકાત રાખવા બાબત. |
| ૧૪. | મિલકતની જપ્તી અને (મિલકત) ટાંચમાં લેવા બાબત. |
| ૧૫. | તમામ ખર્ચ અને વપરાયેલા નાણાં ચૂકવવાની વ્યવસ્થાપક મંડળની જવાબદારીઓ. |
| ૧૬. | રાજ્ય સેવક. |
| ૧૭. | ગુના, પોલીસ અધિકારના, બિન-જામીનપાત્ર અને બિન-માંડવાળપાત્ર હોવા બાબત. |
| ૧૮. | ગુનાની તપાસ. |
| ૧૯. | અન્ય કાયદાને લાગુ પાડવા સામે બાધ ન આવવા બાબત. |

| | |
|---|---|
| **૨૦.** | શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલાં પગલાંને રક્ષણ. |
| **૨૧.** | નિયમો કરવાની સત્તા. |
| **૨૨.** | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |
| **૨૩.** | અનુસૂચિ |

# GUJARAT BILL NO. 1 OF 2023.

## THE GUJARAT PUBLIC EXAMINATION (PREVENTION OF UNFAIR MEANS) BILL, 2023.

## *A BILL*

*to prevent unfair means and leakage of question paper in public examination and to provide for matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧.**

## ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક, ૨૦૨૩.

**જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ અને પ્રશ્નપત્ર ફૂટી જતું અટકાવવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ‘‘જાહેર પરીક્ષા યોજવી’’ એટલે અને તેમાં પ્રશ્નપત્રો તૈયાર કરવા, છપાવવા, દેખરેખ રાખવી, કોડિંગ કરવું, કાર્યવાહી કરવી, વિતરણ કરવું, પરિણામનું મૂલ્યાંકન કરવું, જાહેરાત કરવી વગેરેનો સમાવેશ થાય છે;

(ખ) ''પરીક્ષાર્થી'' એટલે પરીક્ષા સત્તામંડળ દ્વારા જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પરવાનગી આપવામાં આવી હોય તે વ્યક્તિ અને તેમાં જાહેર પરીક્ષામાં તેના વતી લહિયા તરીકે કામ કરવા અધિકૃત કરવામાં આવી હોય તેવી વ્યક્તિનો સમાવેશ થાય છે;

(ગ) ''પરીક્ષા સત્તામંડળ'' એટલે અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું પરીક્ષા સત્તામંડળ અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે એવું અન્ય સત્તામંડળ;

(ઘ) ''પરીક્ષા કેન્દ્ર'' એટલે જાહેર પરીક્ષા યોજવા માટે પરીક્ષા સત્તામંડળ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સ્થળો;

(ચ) ''તપાસણી ટીમ'' એટલે કોઈ પરીક્ષા કેન્દ્ર તપાસવા માટે પરીક્ષા સત્તામંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલી વ્યક્તિઓ;

(છ) ''સંગઠિત ગુનો'' એટલે ગેરકાયદે લાભ માટે સહિયારું હિત આગળ વધારવા અથવા તેને પ્રોત્સાહન આપવા માટે ગેરરીતિ આચરતી વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમૂહ દ્વારા કર્વામાં આવતી ગેરકાયદેસર પ્રવૃતિ;

(જ) ''જાહેર પરીક્ષા'' એટલે અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પરીક્ષા સત્તામંડળ દ્વારા યોજવામાં આવતી અથવા ખંડ (ગ) હેઠળ રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા અન્ય સત્તામંડળ દ્વારા યોજવામાં આવતી અન્ય પરીક્ષા;

(ઝ) ''અનુસૂચિ'' એટલે આ અધિનયમ સાથે જોડેલી અનુસૂચિ;

(ટ) ''રાજ્ય સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ઠ) ''દેખરેખ (સુપરવાઇઝરી) કર્મચારીવર્ગ''માં જાહેર પરીક્ષા યોજવા માટે પરીક્ષા સત્તામંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલી વ્યક્તિઓનો સમાવેશ થાય છે;

(ડ) ''ગેરરીતિ''માં,-

(૧) પરીક્ષાર્થી સહિત કોઈ વ્યક્તિના સંબંધમાં,

(ક) ખોટું નામ ધારણ કરવું અથવા (પ્રશ્નપત્ર) ફોડવું અથવા ફોડવાનો પ્રયત્ન કરવો અથવા ફોડવાનું કાવતરું કરવું; અથવા

(ખ) અનધિકૃત રીતે પ્રશ્નપત્ર મેળવવું અથવા મેળવવાનો પ્રયત્ન કરવો અથવા કબજો લેવો અથવા કબજો લેવાનો પ્રયત્ન કરવો; અથવા

(ગ) અનધિકૃત રીતે પ્રશ્નપત્ર હલ કરવું અથવા હલ કરવાનો પ્રયત્ન કરવો અથવા હલ કરવા મદદ માંગવી અથવા હલ કરવા મદદ કરવાનો સમાવેશ થાય છે;

(૨) પરીક્ષાર્થી સિવાયની કોઈ વ્યક્તિના સંબંધમાં, જાહેર પરીક્ષામાં નાણાકીય અથવા ગેરકાયદે લાભ માટે ગમે તે કોઈ રીતે પરીક્ષાર્થીને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદ કરવાનો સમાવેશ થાય છે.

**3.** કોઈપણ વ્યક્તિએ, કોઈ જાહેર પરીક્ષામાં અથવા જાહેર પરીક્ષા યોજવામાં ગેરરીતિ કરવી અથવા આચરવી જોઈશે નહિ. **(ગેરરીતિ) કરવા અથવા આચરવાને અટકાવવા બાબત.**

**૪.** જાહેર પરીક્ષા દરમિયાન, પરીક્ષાર્થી, કોઈ વ્યક્તિ પાસેથી પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે અથવા ગમે તે કોઈ સ્વરૂપે કોઈ લેખિત, રેકોર્ડ કરેલી, નકલ કરેલી અથવા છપાવેલી સામગ્રીની મદદ લે અથવા કોઈ અનધિકૃત ઇલેક્ટ્રોનિક અથવા યાંત્રિક સાધન અથવા ઉપકરણનો ઉપયોગ કરે, તો તેને, પરીક્ષા સત્તામંડળ પાસે નિર્ણય માટે મોકલવો જોઈશે અને આવા કિસ્સામાં, પરીક્ષા સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. **પરીક્ષાર્થીએ મેળવેલી અનધિકૃત મદદ બાબત.**

**૫.** જાહેર પરીક્ષા યોજવામાં તેની ફરજોની રૂએ અધિકૃત કરવામાં આવેલી કોઈપણ વ્યક્તિએ, પ્રશ્નપત્રોને ખોલવા અને તેના વિતરણ માટે નિયત કરેલા સમય પહેલાં - **પ્રશ્નપત્રનો અનધિકૃત કબજો લેવા અને (તે) જાહેર કરવા બાબત.**

(ક) આવું પશ્નપત્ર અથવા તેનો કોઈ ભાગ અથવા તેની નકલ ખોલવી, ફોડવી અથવા મેળવવી જોઇશે નહિ અથવા મેળવવા, કબજો લેવા અથવા હલ કરવાનો પ્રયત્ન કરવો જોઇશે નહિ; અથવા

(ખ) આવી ગોપનીય માહિતી, આવા પ્રશ્નપત્રને સંબંધિત હોય અથવા તેના સંદર્ભમાં હોય, ત્યારે કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થીને, કોઈ ગોપનીય માહિતી આપવી જોઇશે નહિ અથવા આવી ગોપનીય માહિતી આપવાનું વચન આપવું જોઈશે નહિ.

**પ્રશ્નપત્ર અને ઉત્તરવહી અથવા ઓએમઆર (OMR) શીટનો કોઇ પણ સ્વરૂપે અનધિકૃત કબજો લેવા અથવા (તે) જાહેર કરવા બાબત.**

**૬.** તેની (કોઇ વ્યક્તિની) ફરજની રૂએ કાયદેસર રીતે અધિકૃત કરવામાં અથવા પરવાનગી આપવામાં આવી ન હોય તેવી કોઇપણ વ્યક્તિએ, પ્રશ્નપત્રના વિતરણ માટે નક્કી કરવામાં આવેલા સમય પહેલાં –

(ક) કોઇ પણ સ્વરૂપે આવા પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી અથવા ઓએમઆર (OMR) શીટ અથવા તેનો કોઇ ભાગ અથવા તેની નકલ મેળવવી જોઇશે નહિ અથવા મેળવવાનો પ્રયત્ન કરવો જોઇશે નહિ અથવા તેનો કબજો લેવો જોઇશે નહિ;

અથવા

(ખ) આવા પ્રશ્નપત્રને લગતી હોવાનું અથવા તેમાંથી મેળવેલી હોવાનું અથવા તે(પ્રશ્નપત્ર)માં રહેલી હોવાનું પોતે જાણતી હોય અથવા તેમ માનવાને કારણ હોય તેવી કોઇ માહિતી આપવી જોઇશે નહિ અથવા આપવા માટે રજૂ કરવી જોઇશે નહિ.

**પરીક્ષા કાર્ય સોંપવામાં આવ્યું હોય અથવા તેમાં સંકળાયેલી હોય તેવી કોઇ વ્યક્તિ દ્વારા પ્રશ્નપત્ર ફૂટી જતું અટકાવવા બાબત.**

**૭.** તેની (કોઇ વ્યક્તિની) ફરજની રૂએ તેમ કરવા માટે પરવાનગી આપવામાં આવી હોય, ત્યારે તે સિવાય, જાહેર પરીક્ષાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું હોય અથવા તેની સાથે સંકળાયેલી હોય તેવી કોઇપણ વ્યક્તિએ, અન્ય કોઇ વ્યક્તિને, તેને આ રીતે સોંપવામાં આવેલા કાર્યની રૂએ તેમની જાણમાં આવેલી હોય તેવી કોઇ માહિતી અથવા તેનો ભાગ,

પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, જાહેર કરવો જોઇશે નહિ અથવા જાહેર કરાવવો જોઇશે નહિ અથવા તેની જાણ કરવી જોઇશે નહિ.

**૮.** જાહેર પરીક્ષાને લગતું અથવા જાહેર પરીક્ષા યોજવાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું ન હોય અથવા તેની સાથે સંકળાયેલી ન હોય અથવા પરીક્ષાર્થી ન હોય તેવી કોઇ વ્યક્તિએ, પરીક્ષા કેન્દ્રના સ્થળે પ્રવેશ કરવો જોઇશે નહિ. **પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ પર પ્રતિબંધ બાબત.**

**૯.** જાહેર પરીક્ષાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું હોય અથવા તેની સાથે સંકળાયેલી હોય તેવી કોઇપણ વ્યક્તિએ, જાહેર પરીક્ષા યોજવાના હેતુ માટે, પરીક્ષા કેન્દ્ર સિવાયના અન્ય સ્થળનો ઉપયોગ કરવો જોઇશે નહિ અથવા કરાવવો જોઈશે નહિ. **જાહેર પરીક્ષા માટે, પરીક્ષા કેન્દ્ર સિવાયના કોઇ સ્થળનો ઉપયોગ નહિ કરવા બાબત.**

**૧૦.** (૧) આ અધિનિયમ હેઠળનો ગુનો વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા અન્ય દ્વારા કરવામાં આવ્યો હોય, ત્યારે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે, વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા અન્યનો હવાલો સંભાળતી હોય અથવા વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા અન્યના કાર્યસંચાલન માટે વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા અન્યને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ, ગુનાની દોષિત ગણાશે તથા તેમની વિરુદ્ધ કાર્યવાહી ચલાવવામાં આવશે અને તદનુસાર તેમને શિક્ષા કરવામાં આવશે: **વ્યવસ્થાપક મંડળ, સંસ્થા અથવા અન્ય દ્વારા કરવામાં આવતા ગુના બાબત.**

પરંતુ આ અધિનિયમ હેઠળ કોઈ શિક્ષાને પાત્ર હોય તેવી કોઈ વ્યક્તિ એમ પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અને તેવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ પૂરતી કાળજી રાખી હતી, તો તે (વ્યક્તિ), આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી શિક્ષાને પાત્ર ઠરશે નહિ.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા અન્ય

દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય અને તેવું પુરવાર કરવામાં આવે કે વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા અન્યના કોઈ ડિરેક્ટર, ભાગીદાર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂકસંમતિથી ગુનો કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીના કારણે થયો છે, ત્યારે આવા ડિરેક્ટર, ભાગીદાર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કાર્યવાહી ચલાવવામાં આવશે અને તદનુસાર તેમને શિક્ષા કરવામાં આવશે.

મદદ કરવા પર મનાઈ બાબત.

**૧૧.** જાહેર પરીક્ષા યોજવા માટે જેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોય તે સંસ્થાના વ્યવસ્થાપક મંડળમાં અથવા કર્મચારીવર્ગમાં હોય તેવી કોઇપણ વ્યક્તિ અથવા જાહેર પરીક્ષાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું હોય તેવી કોઇપણ વ્યક્તિએ, જાહેર પરીક્ષામાં, પરીક્ષાર્થીને ગેરરીતિ આચરવામાં કોઇ મદદ અથવા સહાય પૂરી પાડવી જોઇશે નહિ.

ગુનો અને શિક્ષા.

**૧૨.** (૧) ગેરરીતિ આચરનાર કોઇ પરીક્ષાર્થી, ત્રણ વર્ષની મુદતની સુધીની કેદની શિક્ષા અને એક લાખ રૂપિયાથી ઓછા નહિ તેટલા દંડને પણ પાત્ર થશે અને દંડની ચુકવણીમાં ચૂક થાય તેવા કિસ્સામાં, આવા પરીક્ષાર્થીને, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ અનુસાર કેદની શિક્ષા પણ થશે. સન ૧૯૭૪નો ૨-જો.

(૨) કોઇ વ્યક્તિ, તપાસણી ટીમના કોઇ સભ્ય, દેખરેખ (સુપરવાઇઝરિ) કર્મચારીવર્ગ, પરીક્ષા સત્તામંડળ, અધિકારી અથવા પરીક્ષા સત્તામંડળ દ્વારા નિમાયેલી વ્યક્તિને ફરજ બજાવવા માટે અથવા કોઇ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અવરોધે અથવા ધમકાવે, તો તે (વ્યક્તિ), ત્રણ વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા અને એક લાખ રૂપિયાથી ઓછા નહિ તેટલા દંડને પાત્ર થશે અને દંડની ચુકવણીમાં ચૂક થાય તેવા કિસ્સામાં, આવી વ્યક્તિને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ અનુસાર કેદની શિક્ષા પણ થશે. સન ૧૯૭૪નો ૨-જો.

(૩) જાહેર પરીક્ષા યોજવાની જવાબદારી સોંપવામાં આવી હોય અથવા (તે માટે) અધિકૃત કરવામાં આવી હોય કે ન હોય તેવી, પરીક્ષાર્થી સહિતની કોઇ વ્યક્તિ, કાવતરું કરીને અથવા અન્યથા ગેરરીતિ આચરે અથવા આચરવાનો પ્રયત્ન કરે અથવા આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરે અથવા ઉલ્લંઘન કરવામાં સહાય કરે, તો

તે (વ્યક્તિ), પાંચ વર્ષથી ઓછી નહિ તેટલી કેદની પરંતુ વધુમાં વધુ દસ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દસ લાખ રૂપિયાથી ઓછી નહિ પરંતુ વધુમાં વધુ એક કરોડ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે અને દંડની ચુકવણીમાં ચૂક થાય તેવા કિસ્સામાં, આવી વ્યક્તિ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ અનુસાર કેદની શિક્ષાને પણ પાત્ર થશે:

**સન ૧૯૭૪નો ૨-જો.**

પરંતુ કોર્ટ, લેખિતમાં કોઇ પૂરતા અને ખાસ કારણોની નોંધ કરીને, પાંચ વર્ષથી ઓછી મુદતની કેદની સજા કરી શકશે.

(૪) સંગઠિત ગુનો કરતી કોઇ વ્યક્તિ, પરીક્ષા સત્તામંડળ સાથે કાવતરું કરીને અથવા અન્યથા ગેરરીતિ આચરે અથવા આચરવાનો પ્રયત્ન કરે અથવા આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરે અથવા ઉલ્લંઘન કરવામાં સહાય કરે, તો તે (વ્યક્તિ), સાત વર્ષની ઓછી નહિ તેટલી અને વધુમાં વધુ દસ વર્ષ સુધીની કેદની અને એક કરોડ રૂપિયાથી ઓછી નહિ તેટલી દંડની શિક્ષાને પાત્ર થશે અને દંડની ચુકવણીમાં ચૂક થાય તેવા કિસ્સામાં, આવી વ્યક્તિ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઇઓ અનુસાર કેદની શિક્ષાને પણ પાત્ર થશે.

**સન ૧૯૭૪નો ૨-જો.**

**દોષિત ઠર્યેથી બાકાત રાખવા બાબત.**

**૧૩**. આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ ગુનાના દોષિત ઠર્યા હોય તેવા પરીક્ષાર્થીને, કોઇ જાહેર પરીક્ષામાંથી બે વર્ષની મુદત માટે, બાકાત રાખવામાં આવશે.

**મિલકતની જપ્તી અને (મિલકત) ટાંચમાં લેવા બાબત.**

**૧૪**. પરીક્ષા સત્તામંડળ સાથે કાવતરું કરીને, સંગઠિત ગુનામાં અથવા અન્યથા ગેરરીતિ આચરવામાં અથવા આચરવાનો પ્રયત્ન કરવામાં અથવા આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરવામાં અથવા ઉલ્લંઘન કરવા સહાય કરવામાં કોઇ વ્યક્તિના દોષિત ઠર્યાના કિસ્સામાં, કોર્ટ-એ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ઠરાવેલી કાર્યરીતિ અનુસરીને, તેવી વ્યક્તિની જંગમ અથવા સ્થાવર અથવા તે બન્ને અસ્કયામત/મિલકત પૈકીની કોઇપણ (અસ્કયામત/મિલકત)ની જપ્તી કરીને અને તેનું

**સન ૧૯૭૪નો ૨-જો.**

વેચાણ કરીને, તેવી વ્યક્તિએ ખોટી રીતે મેળવેલા કોઇ લાભની વસૂલાતનો હુકમ કરવો જોઇશે.

**તમામ ખર્ચ અને વપરાયેલા નાણાં ચૂકવવાની વ્યવસ્થાપક મંડળની જવાબદારીઓ.**

**૧૫.** સંચાલન મંડળની અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારીની કોઈ વ્યક્તિ અથવા અન્ય કોઇ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળના ગુનાની દોષિત જણાય, તો વ્યવસ્થાપક મંડળ અથવા સંસ્થા અથવા મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી અથવા અન્ય વ્યક્તિ, કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલો જાહેર પરીક્ષાને લગતો તમામ ખર્ચ અને નાણાં ચૂકવવા માટે જવાબદાર થશે અને તેને કાયમ માટે પ્રતિબંધિત કરવામાં આવશે.

**રાજ્ય સેવક.**

**૧૬**. જાહેર પરીક્ષા યોજવામાં રોકાયેલી દરેક વ્યક્તિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતી હોય અથવા તેમ કરવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક હોવાનું ગણાશે. **સન ૧૮૬૦નો ૪૫-મો.**

**ગુના, પોલીસ અધિકારના, બિન-જામીનપાત્ર અને બિન-માંડવાળપાત્ર હોવા બાબત.**

**૧૭**. આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલા તમામ ગુના પોલીસ અધિકારના, બિન-જામીનપાત્ર અને બિન-માંડવાળપાત્ર રહેશે.

**ગુનાની તપાસ.**

**૧૮.** આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા કોઇ ગુનાની તપાસ, પોલીસ ઇન્સ્પેક્ટર(નિરીક્ષક)ના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા, પણ ઇચ્છનીય રીતે, નાયબ પોલીસ અધીક્ષક દ્વારા કરવી જોઇશે.

**૧૯**. આ અધિનિયમની જોગવાઇઓ, આ વિષય બાબતના અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ. **અન્ય કાયદાને લાગુ પાડવા સામે બાધ ન આવવા બાબત.**

**૨૦**. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો હેઠળ જાહેર પરીક્ષા યોજવા માટે શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્ય માટે, રાજ્ય સરકાર અથવા કોઇ વ્યક્તિ સામે કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ. **શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલાં પગલાંને રક્ષણ.**

**૨૧. (૧)** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે: **નિયમો કરવાની સત્તા.**

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલા તમામ નિયમો તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જેમાં તે આ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યાર પછી તરત આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(3) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

**૨૨**. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા ઇષ્ટ લાગે તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

## અનુસૂચિ
## (જુઓ નિયમ ૨(ગ))

૧. ગુજરાત જાહેર સેવા આયોગ.

૨. ગુજરાત હાઇકોર્ટ.

૩. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.

૪. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ.

૫. રાજ્ય પરીક્ષા બોર્ડ.

૬. રાજ્ય સરકાર દ્વારા રોકવામાં અથવા રચવામાં આવેલા અન્ય કોઇ સત્તામંડળ અથવા એજન્સી અથવા ભરતી સમિતિ અથવા મંડળ.

૭. સ્ટેટ ફંડેડ યુનિવર્સિટી.

૮. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

૯. રાજ્ય સરકારની માલિકીના જાહેર ક્ષેત્રના ઉપક્રમ.

૧૦. રાજ્ય સરકારની નોંધપાત્ર અથવા આંશિક રીતે માલિકીની કોઇ મંડળીઓ, કોર્પોરેશન, સ્થાનિક મંડળો અને તમામ જાહેર ક્ષેત્રના ઉપક્રમો.

## ઉદ્દેશો અને કારણો

તાજેતરમાં, ગુજરાત રાજ્ય કાયદા પંચના ૩૪મા અહેવાલમાં રાજ્ય સરકારમાં ભરતી એજન્સી દ્વારા લેવામાં આવતી ભરતી પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર ફૂટી જવાના મુદ્દાની તપાસ કરવામાં આવી છે અને ભલામણ કરી છે કે પ્રશ્નપત્ર ફૂટી જવાના મુદ્દા વિરુદ્ધ ખાસ કાયદો અધિનિયમિત કરીને, બનતી ત્વરાએ, પ્રશ્નપત્ર ફૂટી જવાના મુદ્દાને ઉકેલવાની જરૂર છે અને તેના જેવી પ્રવૃત્તિઓ સામે કડક હાથે કામ લઈ શકાય.

અનુચ્છેદો ૧૪ અને ૧૬ હેઠળના સંવૈધાનિક મૂલ્યો આદેશ કરે છે કે ભરતી કરવા માટે જાહેર સત્તામંડળો દ્વારા હાથ ધરવામાં આવતી પસંદગી પ્રક્રિયાઓ યોગ્ય, પારદર્શક અને જવાબદાર હોવી જોઈશે. એવું જણાયું છે કે તે (પસંદગી પ્રક્રિયાઓ) માત્ર વહીવટી કાર્યપદ્ધતિ નથી પણ સેવા ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત તરીકે સંવૈધાનિક ફરજમાં તેનો સમાવેશ કરવામાં આવતો હોઈ, જાહેર મંડળોએ યોગ્ય અને વાજબી રીતે કામગીરી કરવી પડશે. અનુચ્છેદ ૧૬(૧) હેઠળ તકની સમાનતાના ધોરણને અધીન રહીને, જગાઓ પરની પસંદગી પ્રક્રિયા યોગ્ય અને વાજબી હોય એ સંવૈધાનિક જરૂરિયાત પણ છે અને અનુચ્છેદ ૧૪ હેઠળ પણ તે એક મૂળભૂત જરૂરિયાત પણ છે. યોજનાબદ્ધ છેતરપિંડી અથવા અનિયમિતતાના પરિણામરૂપે જાહેર રોજગાર પરની ભરતી ભ્રષ્ટ બને, ત્યારે સમગ્ર (ભરતી) પ્રક્રિયા ભ્રષ્ટ બની જાય છે.

તેથી, રાજ્ય સરકારમાંની જગાઓ પરની ભરતીની બાબતોમાં, પ્રશ્નપત્રો ફૂટી જવાથી માત્ર સામાન્ય લોકો સાથે વિશ્વાસઘાત જ નથી થતો અને સરકારની વિશ્વસનીયતા પર જ પ્રતિકૂળ અસર નથી થતી, પણ પરીક્ષાઓ રદ કરવી પડે છે, ત્યારે રાજ્યને મોટો વહીવટી ખર્ચ પણ સહન કરવો પડે છે. છળકપટયુક્ત (અપ્રમાણિક) સાધનો અને કાર્યવાહીને કારણે ભરતી પરીક્ષાઓમાં વારંવાર બાંધછોડ કરવામાં આવે છે. બહારના સ્ત્રોતમાંથી કોઈ મદદ લીધા વગર દરેક વ્યક્તિની યોગ્યતાનું મૂલ્યાંકન થાય એ પરીક્ષાઓનો સાર છે. કમનસીબે, આ મુદ્દાએ સંગઠિત ગુનાના પરિમાણ ધારણ કર્યા છે અને તેનાથી ભ્રષ્ટ લોકોને મોટા પાયે નાણાકીય લાભો થાય છે. સમગ્ર સમાજ સામે થતો આ એક ગુનો છે. આથી, જાહેર જગાઓ પરની પસંદગી (પ્રક્રિયા)ની શુદ્ધતામાં લોકોનો વિશ્વાસ પુન:સ્થાપિત કરવાની અને પસંદગી

(પ્રક્રિયા)માંથી પસાર થવાના પ્રયત્નરૂપે સમય અને સાધનોનું રોકાણ કર્યું હોય તેવા ઉમેદવારોની યોગ્યતા સુનિશ્ચિત કરવાની તાકીદની જરૂરિયાત છે. ગુજરાત સરકારે, પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે, સામાન્ય લોકોનો વિશ્વાસ મેળવવા અને ટકાવી રાખવા તેમજ જાહેર ભરતી પરીક્ષામાં બિન-વિવાદાસ્પદ વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે, આ કાયદો (અમલમાં) લાવવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ 3.-** આ કલમથી, ગેરરીતિ કરવા અથવા આચરવાને અટકાવવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, જાહેર પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી દ્વારા મેળવેલી અનધિકૃત મદદ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, પ્રશ્નપત્રનો અનધિકૃત કબજો અને જાહેર કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, પ્રશ્નપત્ર અને ઉત્તરવહી અથવા ઓએમઆર (OMR) શીટનો કોઈ સ્વરૂપે અનધિકૃત કબજો અથવા જાહેર કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, કોઈ વ્યક્તિને તેની ફરજની રૂએ પરવાનગી આપી હોય ત્યારે તે સિવાય, જેને પરીક્ષાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું હોય અથવા તેની સાથે સંકળાયેલી હોય તેવી કોઇ વ્યક્તિ દ્વારા (પ્રશ્નપત્ર) ફોડવાનું અટકાવવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૮.-** આ કલમથી જાહેર પરીક્ષા અથવા જાહેર પરીક્ષા યોજવાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું ન હોય અથવા તેની સાથે સંકળાયેલી ન હોય અથવા પરીક્ષાર્થી ન હોય તેવી કોઇપણ વ્યક્તિને, જાહેર પરીક્ષા કેન્દ્રના સ્થળે પ્રવેશ કરવાની મનાઈ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, જાહેર પરીક્ષાને લગતું કોઇ કાર્ય સોંપવામાં આવ્યું હોય અથવા તેની સાથે સંકળાયેલી હોય તેવી કોઇ વ્યક્તિ, જાહેર પરીક્ષાના ઉપયોગ માટે, પરીક્ષા કેન્દ્ર સિવાય કોઈ સ્થળનો ઉપયોગ ન કરવો જોઈશે તે માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી, વ્યવસ્થાપક મંડળ, સંસ્થા અથવા અન્ય દ્વારા (કરવામાં આવતા) ગુના માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૧.-** આ કલમથી, પરીક્ષાર્થીને જાહેર પરીક્ષામાં ગેરરીતિ આચરવામાં કોઇ મદદ અથવા સહાય પૂરી પાડવાની મનાઇ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૨.-** આ કલમથી, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુના અને દંડ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૩.-** આ કલમથી, અધિનિયમ હેઠળ ગુનાની દોષિત ઠર્યેથી પરીક્ષાર્થીને કોઈ જાહેર પરીક્ષામાંથી બાકાત રાખવા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૪.-** આ કલમથી, પરીક્ષા સત્તામંડળ સાથે કાવતરું કરીને, સંગઠિત ગુનામાં રોકાયેલી હોય તેવી અથવા અન્યથા ગેરરીતિ આચરવામાં અથવા આચરવાનો પ્રયત્ન કરવામાં અથવા આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇનું ઉલ્લંઘન કરવામાં અથવા ઉલ્લંઘન કરવામાં સહાય કરનાર કોઇ વ્યક્તિની મિલકતને ટાંચમાં લેવા અને તેની  જપ્તી માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૫.-** આ કલમથી, અધિનિયમ હેઠળ ગુનાની દોષિત જણાય, તો પરીક્ષાને લગતા તમામ ખર્ચ અને નાણા ચૂકવવા માટે વ્યવસ્થાપક મંડળ વગેરેની જવાબદારીઓ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૬.-** આ કલમથી, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ મુજબ આ અધિનયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર કામ કરતી અથવા કામ કરતી હોવાનું અભિપ્રેત હોય તેવી દરેક વ્યક્તિ, જાહેર સેવકો રહેશે.

**કલમ ૧૭.-** આ કલમથી, અધિનયમ હેઠળના તમામ ગુના પોલીસ અધિકારના બિન-જામીનપાત્ર અને બિન-માંડવાળપાત્ર રહેશે તે માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૮.-** આ કલમથી જોગવાઈ કરી છે કે આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા ગુનાની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા પણ ઇચ્છીનીય રીતે નાયબ પોલીસ અધીક્ષક દ્વારા થવી જોઈશે.

**કલમ ૧૯.-** આ કલમથી જોગવાઈ કરી છે કે આ અધિનિયમની જોગવાઈઓ, તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું (અન્ય કોઈ કાયદાની જોગવાઈઓનું) અલ્પીકરણ થશે નહિ.

**કલમ ૨૦.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા લીધેલા પગલા માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૨૧.-** આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૨.-** આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**હર્ષ સંઘવી,**

## નાણાકીય યાદી

આ અધિનિયમના ઉદ્દેશો પાર પાડવા માટે સત્તામંડળો અને વિવિધ વિભાગોના વિદ્યમાન કર્મચારીઓવર્ગ કાર્યો બજાવશે અને તે તરીકે વિધેયક જો અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઇ વધારાનો ખર્ચ થશે નહિ.

**હર્ષ સંઘવી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેના બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.- આ કલમની પેટા-કલમ (ગ)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા સત્તામંડળો સિવાયના સત્તામંડળો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૨૧.- આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૨.- આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા હુકમથી, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **હર્ષ સંઘવી.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક :૧]

જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ અને પ્રશ્નપત્ર ફૂટી જતું અટકાવવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી,

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી]

(સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૪મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**GUJARAT BILL NO. 1 OF 2023.**

## THE GUJARAT PUBLIC EXAMINATION (PREVENTION OF UNFAIR MEANS) BILL, 2023.


| Clauses | Content | Page No. |
|---|---|---|
| **1.** | Short title and commencement. | 1 |
| **2.** | Definitions. | 2 |
| **3.** | Prevention of use or indulgence in unfair means. | 3 |
| **4.** | Unauthorised help received by the examinee. | 3 |
| **5.** | Unauthorised possession and disclosure of question paper. | 4 |
| **6.** | Unauthorised possession or disclosure of question paper and answer sheet or OMR sheet in any form. | 4 |
| **7.** | Prevention of leakage by person entrusted or engaged with examination work. | 4 |
| **8.** | Prohibition to enter examination center. | 4 |
| **9.** | No place other than examination center shall be used for public examination. | 5 |
| **10.** | Offence by management, institution or others. | 5 |
| **11.** | Prohibition to assist. | 5 |
| **12.** | Offences and Penalties. | 5 |
| **13.** | Debarred on conviction. | 7 |
| **14.** | Attachment and confiscation of property. | 7 |
| **15.** | Liabilities of Management etc. to pay all cost and expenditure. | 7 |
| **16.** | Public servant. | 7 |
| **17.** | Offences to be cognizable, non-bailable and non-compoundable. | 7 |
| **18.** | Investigation of the offences. | 7 |
| **19.** | Application of other laws not barred. | 8 |
| **20.** | Protection of action taken in good faith. | 8 |
| **21.** | Power to make rules. | 8 |
| **22.** | Power to remove difficulties. | 8 |
| **23.** | Schedule | 9 |

**THE GUJARAT PUBLIC EXAMINATION (PREVENTION OF UNFAIR MEANS) BILL, 2023.**

**GUJARAT BILL NO. 1 OF 2023.**

***A B I L L***

*to prevent unfair means and leakage of question paper in public examination and to provide for matters connected therewith or incidental thereto.*

It is hereby enacted in the Seventy-fourth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023. **Short title and commencement.**

(2) It shall come into force on such date, as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Definitions.** **2.** In this Act, unless the context otherwise requires,-

(a) "conduct public examination" means and includes preparation, printing, supervision, coding, processing, distribution of question papers, evaluation, declaration of result, etc.;

(b) "examinee" means a person who has been granted permission by examination authority to appear in the public examination and includes a person authorized to act as scribe on his behalf in the public examination;

(c) "examination authority" means an examination authority as specified in the Schedule or such other authority as may be specified by the State Government by notification in the *Official Gazette*;

(d) "examination centre" means such premises, as may be specified by the examination authority to conduct public examination;

(e) "inspection team" means persons authorised by the examination authority to inspect any examination centre;

(f) "organized crime" means an unlawful activity committed by a person or a group of persons indulging in unfair means to pursue or promote a shared interest for wrongful gains;

(g) "public examination" means any examination conducted by the examination authority as specified in the Schedule or conducted by such other authority as may be notified by the State Government under clause (c);

(h) "Schedule" means the Schedule appended to this Act;

(i) "State Government" means the Government of Gujarat;

(j) “supervisory staff” includes persons authorised by the examination authority to conduct public examination;

(k) “unfair means” includes,-

(i) in relation to any person including an examinee,

(a) to impersonate or leak or attempt to leak or conspire to leak; or

(b) to procure or attempt to procure or possess or attempt to possess question paper in unauthorised manner; or

(c) to solve or attempt to solve or seek assistance to solve or to assist to solve question paper in unauthorised manner;

(ii) directly or indirectly assists the examinee in any manner whatsoever, in the public examination for monetary or wrongful gains, in relation to any person other than examinee.

**Prevention of use or indulgence in unfair means.**

**3.** No person shall use or indulge in any unfair means in any public examination or the conduct of public examination.

**Unauthorised help received by the examinee.**

**4.** If the examinee, during the public examination, takes an unauthorised help from any person directly or indirectly or from any material written, recorded, copied or printed, in any form whatsoever, or use of any unauthorised electronic or mechanical instrument or gadget, he shall be referred to the examination authority and the decision of the examination authority in such case shall be final.

**Unauthorised possession and disclosure of question paper.**

**5.** No person authorised by virtue of his duties in conduct of public examination shall, before the time fixed for opening and distribution of question papers-

(a) open, leak or procure or attempt to procure, possess or solve such question paper or any portion or a copy thereof; or

(b) give any confidential information or promise to give such confidential information to any person or examinee, where such confidential information is related to or in reference to such question paper.

**Unauthorised possession or disclosure of question paper and answer sheet or OMR sheet in any form.**

**6.** No person who is not lawfully authorised or permitted by virtue of his duties to do so, shall, before the time fixed for the distribution of question papers-

(a) procure or attempt to procure or possess, such question paper or answer sheet or OMR sheet or any portion or copy thereof in any form; or

(b) impart or offer to impart, such information which he knows or has reason to believe to be related to, or derived from or to have a bearing upon such question paper.

**Prevention of leakage by person entrusted or engaged with examination work.**

**7.** No person, who is entrusted or engaged with any work pertaining to public examination shall, except where he is permitted by virtue of his duties so to do, directly or indirectly reveal or cause to be revealed or make known to any other person any information or part thereof which has come to his knowledge by virtue of the work being so entrusted to him.

**Prohibition to enter examination centre.**

**8.** No person who is not entrusted or engaged with the work pertaining to the public examination or conduct of public examination or who is not an examinee, shall enter the premises of the examination centre.

**9.** No person who is entrusted or engaged with the work pertaining to the public examination shall use or cause to be used any place, other than the examination centre, for the purpose of holding public examination.

**No place other than examination center shall be used for public examination.**

**10.** (1) Whenever an offence under this Act has been committed by the Management or Institution or Limited Liability Partnership or others, every person who at the time the offence was committed, was in-charge of, or was accountable to the Management or Institution or Limited Liability Partnership or others for the conduct of the business of the Management or Institution or Limited Liability Partnership or others, shall be guilty of the offence and shall be liable to be proceeded against and punished accordingly:

**Offence by management, institution or others.**

Provided that nothing contained in this sub-section shall render any such person liable to any punishment under this Act, if he proves that the offence was committed without his knowledge and that he exercised all due diligence to prevent the commission of such offence.

(2) Notwithstanding anything contained in sub-section (1), where an offence under this Act has been committed by the Management or Institution or Limited Liability Partnership or others and it is proved that the offence has been committed with the consent or connivance of, or is attributable to any neglect on the part of, any director, partner, manager, secretary or other officer of the Management or Institution or Limited Liability Partnership or others, such director, partner, manager, secretary or other officer shall also be guilty of the offence and shall be liable to be proceeded against and punished accordingly.

**11.** No person who is on the management or on the staff of an institution which is being used for the holding of a public examination, or who is entrusted with any work pertaining to public examination, shall provide any help or assistance to an examinee in using unfair means in the public examination.

**Prohibition to assist.**

**12.** (1) Any examinee indulging in unfair means shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be

**Offences and penalties.**

liable to fine, which shall not be less than one lakh rupees and in case of default of payment of fine, such examinee shall also be punished with imprisonment in accordance with the provisions of the Code of Criminal Procedure, 1973. **2 of 1974.**

(2) If any person obstructs or threatens any member of the inspection team, supervisory staff, examination authority, officer or person appointed by the examination authority for performing duty or from entering any examination centre, he shall be punished with imprisonment for a term which may extend to three years and with fine which shall not be less than one lakh rupees and in case of default of payment of fine, such person shall also be punished with imprisonment in accordance with the provisions of the Code of Criminal Procedure, 1973. **2 of 1974.**

(3) If any person, including examinee, whether entrusted or authorized with the conduct of public examination or not, in conspiracy or otherwise indulges or attempts to indulge in unfair means or contravenes or abets to contravene any of the provisions of this Act, shall be punished with imprisonment for a term which shall not be less than five years but which may extend to imprisonment of ten years and shall also be liable to fine which shall not be less than ten lakh rupees but which may extend to one crore rupees and in case of default of payment of fine, such person shall also be punished with imprisonment in accordance with the provision of the Code of Criminal Procedure, 1973: **2 of 1974.**

Provided that the Court may for any adequate and special reasons to be recorded in writing impose a sentence of imprisonment for a term of less than five years.

(4) If any person in an organized crime in conspiracy with the examination authority or otherwise indulges or attempts to indulge in unfair means or contravenes or abets to contravene any of the provisions of this Act, he shall be punished with imprisonment for a term which shall not be less than seven years and may extend to ten years and with fine which shall not be less than

one crore rupees and in case of default of payment of fine, such person shall also be punished with imprisonment in accordance with the provision of the Code of Criminal Procedure, 1973. **2 of 1974.**

**13.** An examinee who has been convicted of an offence under the provisions of this Act shall be debarred from any public examination for a period of two years. **Debarred on conviction.**

**14.** In case of conviction of a person in an organized crime in conspiracy with the examination authority or otherwise indulges or attempts to indulge in unfair means or contravenes or abets to contravene any of the provisions of this Act, the court shall make an order of recovery of any wrongful gains made by such person, by way of attachment and sale of any of the assets/property, moveable, or immovable, or both, of such person by following the procedure laid down in the Code of Criminal Procedure, 1973. **Attachment and confiscation of property.** **2 of 1974.**

**15.** If any person of the Management or Institution or Limited Liability Partnership or others has been found guilty of the offences under this Act, the Management or Institution or Limited Liability Partnership or others shall be liable to pay all cost and expenditure related to the public examination, determined by the Court and shall be banned forever. **Liabilities of Management etc. to pay all cost and expenditure.**

**16.** Every person engaged in the conduct of the public examination, while acting or purporting to act in pursuance of the provisions of this Act or rules made thereunder, be deemed to be a public servant within the meaning of section 21 of the Indian Penal Code. **Public servant.** **45 of 1860.**

**17.** All offences specified under this Act, shall be cognizable, non-bailable and non–compoundable. **Offences to be cognizable, non-bailable and non-compoundable.**

**18.** Any offence committed under this Act shall be investigated by the Police Officer not below the rank of Police Inspector but preferably by the Deputy Superintendent of Police. **Investigation of the offences.**

**Application of other laws not barred.**

**19.** The provisions of this Act shall be in addition to, and not in derogation of, any other law in force on the subject.

**Protection of action taken in good faith.**

**20.** No suit, prosecution or other legal proceeding shall lie against the State Government or any person for anything which is in good faith done or intended to be done under this Act or the rules made thereunder for the conduct of public examination.

**Power to make rules.**

**21.** (1) The State Government may, by notification in the *Official Gazette*, make rules to carry out the purposes of this Act.

(2) All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as may be they are made, and shall be subject to rescission by the State Legislature or to such modification as the State Legislature may make, during the session in which they are so laid or the session immediately following.

(3) Any rescission or modification so made by the State Legislature shall be published in the *Official Gazette,* and shall thereupon take effect.

**Power to remove difficulties.**

**22.** (1) If any difficulty arises in giving effect to the provisions of this Act, the State Government may, within a period of two years from the commencement of this Act, by an order published in the *Official* Gazette, make such provisions not inconsistent with the provisions of this Act, as may appear to it to be necessary or expedient for removal of difficulty.

(2) Every order made under this section shall be laid, as soon as may be after it is made, before the House of the State Legislature.

**SCHEDULE**

(See section 2(c))

1. The Gujarat Public Service Commission.
2. The Gujarat High Court.
3. The Gujarat Subordinate Services Selection Board.
4. The Gujarat Panchayat Service Selection Board.
5. The State Examination Board.
6. Any other authority or agency or recruitment committee or Board engaged or constituted by the State Government.
7. State Funded Universities.
8. The Gujarat Secondary and Higher Secondary Education Board.
9. Public Sector Undertaking owned by the State Government.
10. Any Societies, Corporations, Local Bodies and all PSU's owned substantially or partially by the State Government.

## STATEMENT OF OBJECTS AND REASONS

The 34th Report of the Gujarat State Law Commission has recently examined the issue of paper leak in the recruitment examinations conducted by the recruiting agencies in the State Government and have recommended that the issue of paper leak needs to be resolved as expeditiously as possible by enacting a special law against the paper leak and the activities like it may be dealt with firm hands.

The constitutional values under articles 14 and 16 mandate that selection processes conducted by the public authorities to make recruitments have to be fair, transparent and accountable. It is seen that it is not a mere matter of administrative procedure but as a principle of service jurisprudence, it finds embodiment in the constitutional duty that the public bodies have to act fairly and reasonably. A fair and reasonable process of selection to posts subject to the norm of equality of opportunity under article 16(1) is a constitutional requirement and it is also a fundamental requirement under article 14 as well. Where the recruitment to public employment stands vitiated as a consequence of a systematic fraud or irregularities, the entire process becomes vitiated.

In matters of recruitment to posts in State Government therefore, the leakage of question papers not only betrays the trust of the general public and adversely affects the credibility of the government but also the State suffers substantial administrative cost when examinations have to be called off. The recruitment examinations are often compromised due to deceitful means and measures. The essence of the examinations is that the worth of every person is appraised without any assistance from an outside source. Unfortunately, the issue has assumed dimensions of organized crime and involves huge pecuniary advantages to nefarious persons. This is an offence against the society at large. Hence, there is an urgent need to restore public confidence in the sanctity of selection to public posts and the requirement of ensuring fairness to candidates

who invest time and resources in attempting to clear through a selection. With a view to secure and sustain the confidence of the public in general and to ensure unquestionable trustworthiness in the public recruitment examinations, the Government of Gujarat proposes to bring this legislation to check use of unfair means in examinations.

The following notes on clauses explain, in brief, some of the important provisions of the Bill: -

***Clause 1.-*** This clause provides for the short title and commencement of the Act.

***Clause 2.-*** This clause defines certain terms used in the Bill.

***Clause 3.-*** This clause provides for the prevention of use or indulgence in unfair means.

***Clause 4.-*** This clause provides for unauthorised help received by the examinee during the public examination.

***Clause 5.-*** This clause provides for unauthorised possession and disclosure of question paper.

***Clause 6.-*** This clause provides for unauthorised possession or disclosure of question paper and answer sheet or OMR sheet in any form.

***Clause 7.-*** This clause provides for the prevention of leakage by any person entrusted or engaged with examination work except where he is permitted by virtue of his duties.

***Clause 8.-*** This clause prohibits any person, who is not entrusted or engaged with the work pertaining to public examination or conduct of public examination or who is not an examinee, to enter the premises of public examination centre.

***Clause 9.-*** This clause provides that any person, who is entrusted or engaged with the work pertaining to the public examination shall not use any place, other than the examination centre, for the use of the public examination.

***Clause 10.-*** This clause provides for offences by management, institution or others.

***Clause 11.-*** This clause provides for the prohibition of any help or assistance to an examinee in using unfair means in the public examination.

***Clause 12.-*** This clause provides for offences punishable under the Act and penalties thereof.

***Clause 13.-*** This clause provides for debarring the examinee from any public examination on conviction on conviction of an offence punishable under the Act.

***Clause 14.-*** This clause provides for the attachment and confiscation of property of any person who is engaged in an organized crime in conspiracy with the examination authority or otherwise indulges or attempts to indulge in unfair means or contravenes or abets to contravene any of the provisions of the Act.

***Clause 15.-*** This clause provides for liabilities of Management etc. to pay all cost and expenditure related to the examination, if found guilty of the offences under the Act.

***Clause 16.-*** This clause provides that every person acting or purporting to act in pursuance of the provisions of this Act or the rules made there under shall be public servants within the meaning of section 21 of the Indian Penal Code.

***Clause 17.-*** This clause provides that all the offenses under this Act ~~to~~ shall be cognizable, non-bailable and non–compoundable.

***Clause 18.-*** This clause provides that the offences committed under this Act shall be investigated by the Police Officer not below the rank of Police Inspector but preferably by the Deputy Superintendent of Police.

***Clause 19.-*** This clause provides that the provisions of the Act shall be in addition to, and not in derogation of, the provisions of any other law for the time being in force.

***Clause 20.-*** This clause provides for usual indemnity for the action done or taken in good faith.

***Clause 21.-*** This clause empowers the State Government to make rules to carry out the purposes the Act.

***Clause 22.-*** This clause empowers the State Government to remove difficulties arising within a period of two years from the commencement of the Act.

**HARSH SANGHAVI,**

## FINANCIAL MEMORENDUM

The existing staff of the authorities and different Departments will perform the functions to carry out the objects of the Act and as such, the Bill, if enacted and brought into force, would not involve any additional expenditure from the Consolidated Fund of the State.

**HARSH SANGHAVI,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects: -

***Clause 1. -*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 2. -*** Sub-clause (c) of this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette*, the authorities other than the authorities as specified in the Schedule.

***Clause 21. –*** Sub-clause (1) of this clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act;

***Clause 22. -*** sub-clause (1) of this clause empowers the State Government to remove difficulties, by an order published in the *Official Gazette*, arising within a period of two years from the commencement of the Act.

The delegation of legislative powers as aforesaid is necessary and is of normal character.

Dated the 14th February, 2023. **HARSH SANGHAVI.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 1 OF 2023.**

*A BILL*

*to prevent unfair means and leakage of question paper in public examination and to provide for matters connected therewith or incidental thereto.*

**[ SHRI HARSH SANGHAVI,**
**MINISTER OF STATE FOR HOME]**

**(As published in the Gujarat Government Gazette of 14th February, 2023)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**